પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૪ | ૧૫ માર્ચ, ૨૦૨૦, રવિવાર; ફાગણ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

AVISHKAR™ ACADEMY
Our dream is to fulfill your dreams
Centre Pramukh Tangent, Sargasan Cross Road, Gandhinagar
Branch Glorious School, Himmatnagar (SK)
63588 55981/82/83
Ex-ALLEN Facultyનો નવો આવિષ્કાર
માત્ર કહેવા ખાતર નહીં, પરંતુ ખરા અર્થમાં NEET / JEE ની BOARD સાથેની સંપૂર્ણ જવાબદારી સાથે સંતોષકારક તૈયારી...
NEET / JEE Dropper batch (Guj. & Eng. Med.)
Admission open
Crash Course starts from 19th March, 2020
Registration Starts for 11th & 12th Science
Free Demo
Dt. 1st to 5th April, 2020


# ભારતમાં કોરોનાના કહેરને રાષ્ટ્રીય કટોકટી જાહેર

**વધતા કેસો વચ્ચે કોરોના વાયરસ ડિઝાસ્ટર ઘોષિત : દેશમાં અત્યાર સુધી બેના મોત : કુલ ૯૧ કેસ પોઝિટિવ : હજુ કેસ વધવાની સંભાવના : કોરોનાના કારણે મૃત્યુ પામનારના પરિવારને કેન્દ્ર સરકાર ૪-૪ લાખ રૂપિયાનું વળતર આપશે, મોટા ભાગના રાજ્યોમાં શાળા-કોલેજોમાં રજા જાહેર કરાઇ : દેશના જુદા જુદા રાજ્યોમાં કોરોના વાયરસને રોકવા માટે સાવચેતીના તમામ પગલા**

નવીદિલ્હી, તા. ૧૪

કોરોના વાયરસના વધતા જતાં કેસોને ધ્યાનમાં લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે કોરોના વાયરસને ડિઝાસ્ટર અથવા તો હોનારત તરીકે જાહેર કરીને નવી જોગવાઈ હેઠળ પીડિતોની મદદ કરવાની જાહેરાત કરી છે. કોરોના વાયરસને ડિઝાસ્ટર તરીકે જાહેર કરવામાં આવ્યા બાદ મૃતકોના પરિવારને વળતર ચુકવવામાં આવશે. કોરોના વાયરસને કેન્દ્ર સરકારે ડિઝાસ્ટર તરીકે જાહેર કરીને મૃતકોના પરિવારને વળતરરુપે ચાર લાખ રૂપિયાની આર્થિક મદદની જાહેરાત પણ કરી છે. આ રકમ સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડમાંથી આપવામાં આવશે. આ અંગેની જાહેરાત આજે ગૃહમંત્રાલય તરફથી કરવામાં આવી હતી. ભારતમાં કોરોના વાયરસના લીધે હજુ સુધી ૮૬ લોકો અસરગ્રસ્ત થયા છે જ્યારે બે લોકોના મોત થઈ ચુક્યા છે. કેન્દ્ર સરકારના આ નિર્ણયને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કેન્દ્ર સરકાર તરફથી નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, સરકારે કોવિડ-૧૯ને ડિઝાસ્ટર તરીકે જાહેર કરવાનો નિર્ણય કર્યો

● અનુસંધાન પાન-૭ પર




## પેટ્રોલ-ડિઝલ પર એક્સાઈઝ ડ્યુટીમાં ફરી વધારો ઝીંકાયો

નવી દિલ્હી, તા. ૧૪

ક્રૂડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવમાં મોટા ઘટાડાનો ફાયદો સામાન્ય લોકો સુધી પહોંચી રહ્યો નથી. કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડિઝલ ઉપર એક્સાઈઝ ડ્યુટી અને રોડ સેસ મિક્સ કરીને કુલ ત્રણ રૂપિયા પ્રતિલીટરના દરથી વધુ કમાણી કરવાનો નિર્ણય કર્યો છે. અત્રે નોંધનીય છે કે, કોરોના વાયરસ અને અમેરિકા-રશિયામાં એકબીજાથી વધારે તેલ ઉત્પાદન માટે સ્પર્ધાના લીધે ક્રૂડની કિંમતમાં મોટો ઘટાડો થઈ રહ્યો છે. આનાથી પેટ્રોલ અને ડિઝલના ખર્ચમાં ઘટાડો થઈ રહ્યો છે. જો કે, સરકારે પહેલાની જેમ જ આ વખતે પણ ઘટતા જતાં આંતરરાષ્ટ્રીય ભાવનો ફાયદો રોકી દેવાનો સિલસિલો જારી રાખ્યો છે. તેલની કિંમતોમાં ઘટાડાનો ફાયદો ઉઠાવવા માટે આ વધારો કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડિઝલ ઉપર ડ્યુટીમાં વધારો કરી દીધો છે. એક્સાઈઝ ડ્યુટીમાં વધારો કરવામાં આવ્યા બાદ કેન્દ્ર સરકારને વધારે આવક થશે. સત્તાવાર સૂચનામાં કહેવામાં

● અનુસંધાન પાન-૭ પર

## ઈટાલીમાં કોરોનાથી એક જ દિવસમાં ૨૫૦ના મોત

રોમ,તા. ૧૪

કોરોના વાયરસના કારણે અસરગ્રસ્ત હવે ઈટાલી, ઈરાન, દક્ષિણ કોરિયા, સ્પેન અને જર્મની તેમજ ફ્રાન્સમાં હાલત ખરાબ થઈ રહી છે. આ તમામ દેશોમાં એક દિવસમાં રેકોર્ડ સંખ્યામાં મોત થતા તમામ દેશોમાં ચિંતા વધી ગઈ છે. ઈટાલી માટે તો શુક્રવારનો દિવસ બ્લેક ફ્રાઈડે કરતા ઓછો રહ્યો ન હતો. કારણ કે માત્ર ૨૪ કલાકમાં જ ઈટાલીમાં ૨૫૦ લોકોના મોત થઈ ગયા હતા. આની સાથે જ ઈટાલીમાં મોતનો આંકડો વધીને ૧૨૬૬ સુધી પહોંચી ગયો છે. ઈટાલીમાં મોતનો આંકડો ખુબ ઝડપથી વધી શકે છે. કારણ કે ગંભીર રહેલા કેસોની સંખ્યા ૧૩૨૮ રહેલી છે. ઈરાનની વાત કરવામાં આવે તો ૨૪ કલાકમાં ૮૫ લોકોના મોત થયા છે. આની સાથે જ ઈરાનમાં મોતનો આંકડો ૫૧૪ સુધી પહોંચી ગયો છે.

## જો કોરોના અંકુશમાં નહીં આવે તો દેશની ઈકોનોમી બરબાદ થશે

નવીદિલ્હી, તા. ૧૪

દુનિયાભરમાં કોરોના વાયરસથી મચી ગયેલા કોહરામ વચ્ચે અગ્રણી અર્થશાસ્ત્રી સ્વામીનાથન અય્યરે આજે ભારતને ચેતવણી આપતા કહ્યું હતું કે, જો આ વાયરસનો પ્રકોપ એક વર્ષ સુધી કાબૂમાં નહીં આવે તો ભારત મોટી મુશ્કેલીમાં ફસાઈ શકે છે. વાયરસ પર કાબૂ મેળવવામાં લાગી રહેલા સમયના આધાર પર અર્થવ્યવસ્થાને લઈને કેટલાક મુલ્યાંકન સ્વામીનાથન અય્યર દ્વારા મુકવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

હીરામણિ સ્કૂલ / હૉસ્ટેલ (Eng./Guj.Med.)
નિરમા યુનિ.સામે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૨૪૮૧. ફોન. (૦૨૭૧૭)૨૪૨૫૦૫-૨૪૨૬૦૬
શૈક્ષણિક વર્ષ : જૂન-૨૦૨૦ માટે પ્રવેશ કાર્યનો આરંભ
★ નર્સરી-જુનિયર કે.જી.માં અંગ્રેજી-ગુજરાતી માધ્યમમાં પ્રવેશ ઉપલબ્ધ.
★ સિનિ.કે.જી.અને ધો.૧ થી ૭ માં માત્ર ગુજરાતી માધ્યમમાં પ્રવેશ ઉપલબ્ધ.
★ ધો.૧૧-૧૨ (સાયન્સ-કોમર્સ)ગુજરાતી-અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ ઉપલબ્ધ.
★ વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલમાં પ્રવેશ ઉપલબ્ધ.
પ્રવેશ માટે સમય : સવારે ૯.૦૦ થી ૩.૦૦ ★ સ્કૂલબસની સુવિધા

## પુત્ર ઉંમરને જેલમાં મળી ફારુક ભાવનાશીલ થયા

શ્રીનગર, તા.૧૪

નજરબંધીથી સાત મહિના બાદ મુક્ત થયા બાદ નેશનલ કોન્ફરન્સના નેતા ફારુક અબ્દુલ્લા આજે પોતાના પુત્ર ઉંમર અબ્દુલ્લાને જેલમાં મળ્યા હતા. આ ગાળા દરમિયાન બંને ખુબ ભાવુક નજરે પડ્યા હતા. એકબીજાને ગળે પણ મળ્યા હતા. બંને વચ્ચે આશરે એક કલાક સુધી વાતચીત ચાલી હતી. બંનેની મુલાકાતના ફોટાઓ પણ સપાટી પર આવી ચુક્યા છે જેમાં ઉંમર અબ્દુલ્લા લાંબી દાઢીમાં નજરે પડી રહ્યા છે. પૂર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લા પીએસએ હેઠળ પોતાની કસ્ટડીની અવધિ પૂર્ણ થયા બાદ હરિનિવાસ પહોંચ્યા હતા.




CreaTive Roofing
ફાઈબર શેડ
Economy 120 Rs.
Premier 155 Rs.
• 1.25" x 1.25" (ISI) ચોરસ પાઈપ
• OZONE બ્રાન્ડ 230 ગ્રામ વાળી શીટ (3 yrs Guarantee)
• 24" x 24" Gape
• Asian કંપનીનો કલર
Since 1998
Jitu Patel
94263 96197

